# શહેરમાં ઋતુજન્ય રોગચાળાએ માથું ઉંચક્યું

## શરદી-ખાંસી, સળેખમ અને તાવ જેવા રોગોથી દવાખાના ઉભરાયાં : ખુલ્લાં ખાદ્ય પદાર્થો ના લેવા તબીબોની સલાહ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર સહિત સમગ્ર રાજ્યમાં આ વર્ષે ચોમાસુ સમયસર ન થતા ગરમીનો કહેર લાંબો સમય રહ્યો હતો. નગરમાં હવે જ્યારે ચોમાસાનો વિધિવત પ્રારંભ થઈ ચુક્યો છે. પરંતુ વરસાદ મનમુકીને વરસતો નથી. જેથી વાતાવરણ ડહોળાઈ ગયું છે. એક દિવસમાં નગરજનોને ઠંડી, ગરમી અને ભેજ એમ ત્રણે સીઝનનો અનુભવ કરી રહ્યા છે. જેના કારણે ઋતુજન્ય રોગચાળો ઉભો થવા પામ્યો છે. જે લોકોની રોગ પ્રતિકાર શક્તિ ઓછી છે તેવા નગરજનો રોગચાળાના ભરડામાં ઝડપાઈ ચુક્યા છે. જેથી હાલ નગરમાં સરકારી તેમજ ખાનગી દવાખાના દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે.

શહેરમાં દિન પ્રતિદિન શરદી, ખાંસી, સળેખમ, ઝાડા-ઉલ્ટી તેમજ તાવ જેવા રોગોના દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. અતિશય ગરમી બાદ વરસાદની શરૂઆત મધ્યમ થતાં વાતાવરણ શુદ્ધ બન્યું નથી અને ગરમી, ઠંડી, બફારા તેમજ વરસાદી પાણીના માહોલ વચ્ચે શરીરનું ઉષ્ણતામાન ઉતાર ચઢાવવાળા માળખામાં ફિટ ન બેસતા રોગચાળો હાવી થઈ રહ્યો છે. હાલ દરેક સેકટરમાં ઋતુજન્ય રોગચાળાની ફરિયાદો ઉઠવા પામી છે. તેમજ ઘેર-ઘેર માંદગીના ખાટલા મંડાયા છે. હજુ પણ અગમચેતી રાખી વાતાવરણને અનુકૂળ થવા લોકોએ પ્રયાસ હાથ ધરવો જોઈએ તેવી તબીબો સલાહ આપી રહ્યા છે.

ગાંધીનગરમાં વકરી રહેલા રોગચાળામાં શરદી, ખાંસી અને તાવ જેવા રોગો માટે ઉકાળેલા પાણીને ઠંડુ કરીને જ પીવાનો આગ્રહ રાખવો જોઈએ તેવું તબીબો જણાવી રહ્યા છે. હાલ ત્રણ ઋતુઓના થઈ રહેલા મિશ્રણને કારણે બફારો, ઠંડી અને ભેજ તમામનો અનુભવ નગરજનો કરી રહ્યા છે. પરંતુ આ સંજોગોમાં શરીરને ઢાંકીને રાખવુ જોઈએ તેમજ ખાવા-પીવામાં પણ ધ્યાન રાખવુ જોઈએ, બજારૂ અને ખુલ્લી પડેલી ખાદ્યચીજોને ટાળવી જોઈએ અને તેમ છતાં જો કોઈ બિમારીના લક્ષણ જણાય તો તુરંત જ ડૉક્ટરનો સંપર્ક કરવો જોઈએ અને સમયસર સારવાર લેવી અનિવાર્ય છે તેવું તબીબો ભારપૂર્વક જણાવી રહ્યા છે.

# શ્રધ્ધા અને ભકિતના પ્રતિક સમા દશામાના વ્રતનો આજથી પ્રારંભ

## શ્રધ્ધાળુઓ દસ દિવસના ઉપવાસ રાખી દશામાની આરાધના કરશે : માટીની સાંઢણી બનાવી તેની પૂજા કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૫

આજે અષાઢી અમાસ અને દિવાસાના દિવસથી શ્રધ્ધા અને ભકિતના પ્રતિક સમું દશામાનું વ્રત પ્રારંભ થઈ રહ્યું છે. દશામાના આ વ્રત માટે ભાવિક ભકતોએ તમામ તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે અને ભારે ભાવપૂર્વક વપરાતી સામગ્રી ખરીદવા પણ બજારમાં ભાવિકો ભીડ લગાવી રહ્યા છે.

આ વ્રતમાં શ્રધ્ધાળુઓ દ્વારા દસ દિવસના ઉપવાસ કરવામાં આવે છે અને દસેય દિવસ દશામાની સવાર સાંજ આરતી અને ભજનો ગાવામાં આવે છે. તેમનું



માને રીઝવવા આજથી માની પૂજા ભકિત શરુ કરી દેવામાં આવશે. સુખ-શાંતિ અને સમૃધ્ધિ માટે કરાતાં આ વ્રતમાં શ્રધ્ધાળુઓ દ્વારા દશામાના વાહન સાંઢણીની માટીની પ્રતિમા બનાવી તેનું પૂજન અર્ચન કરે છે. અને દસ દિવસ ઉપવાસ રાખી અંતિમ દિવસે જાગરણ કરી પરોઢીયે તેનું વિસર્જન કરવામાં આવે છે.

ગુજરાત રાજયમાં ઘણા વર્ષોથી દશામાના વ્રતજની ઉજવણી કરવામાં આવી રહી છે. પ્રતિ વર્ષ શ્રધ્ધાળુઓ દ્વારા દશામાની ભકિત ઉપરાંત આ પ્રસંગે અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. અષાઢી અમાસની પરોઢે વ્રતનો શુભારંભ કરાય છે અને દશામાની મૂર્તિનું સ્થાપન કરવામાં આવે છે. આ માટે અત્યારે ગાંધીનગર તેમજ ચિલોડાના બજારમાં ઠેર ઠેર દશામાની પ્રતિમાઓનું વેચાણ કરતી હાટડીઓ જોવા મળી રહી છે. આ ઉપરાંત દશામાની પૂજા કરવા પૂજન અર્ચન કરવામાં આવે છે. આ વ્રતના પ્રથમ દિવસે સુતરના દોરાની કંકુવરણા હાથે દસ ગાંઠો બાંધવામાં આવે છે અને રોજ એક એક ગાંઠ ખોલતા જવામાં આવે છે. દરરોજ ભકિત કિર્તન સાથે માતાજીના ગુણલા ગવાય છે અને માતાજીને રીઝવવા પ્રયાસ કરાય છે. અંતિમ દિવસે રાત્રે જાગરણ કરવામાં આવે છે અને પરોઢિયે મૂર્તિનું નદીમાં કે તળાવમાં વિસર્જન કરવામાં આવે છે. આ પ્રસંગે શ્રધ્ધાળુ દ્વારા શકિત અનુસાર સોના ચાંદી કે પંચધાતુની સાંઢણીનું દાન કરવામાં આવે છે.

આ વ્રત કરનાર પર દશામાની કૃપા અવતરે છે અને તેની દશા સારી રહે છે તેવી માન્યતા રહેલી છે. શ્રધ્ધાળુઓ દ્વારા આ વ્રત દરમિયાન ઘણી જગ્યાએ વિવિધ ધાર્મિક કાર્યક્રમો જેવા કે ભજનો-ડાયરો અને ગરબાનું પણ આયોજન કરવામાં આવે છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# સુરક્ષા સેતુ અંતર્ગત વડીલો માટે આજે ખાસ સેમિનાર

## ગાંધીનગર ડીએસપી કચેરી ખાતે સીનીયર સીટીઝનના પ્રશ્નોથી વાકેફ થઈ પોલીસ સલામતી અને સરકારી લાભોની ચર્ચા કરશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેર તથા આસપાસના વિસ્તારમાં વસતા સિનિયર સિટીઝન વડીલો તથા પેન્શનર્સ માટે ગાંધીનગર જિલ્લા પોલીસ વડાની કચેરી ખાતે શનિવારે એક ખાસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત નક્કી થયેલા આ સેમિનારમાં પોલીસ તમામ વડીલોને તેમને મળવા પાત્ર સરકારી લાભોથી વાકેફ કરી વિવિધ પ્રશ્નોના નિરાકરણ લાવવાનો પ્રયાસ કરશે.

સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત પોલીસ અને પ્રજા વચ્ચે સુમેળ સેતુ રચાય તથા સલામતી જળવાય તેવા સતત પ્રયત્નો થઈ રહ્યા છે. ત્યારે આવતીકાલે શનિવારે સવારે સિનિયર સિટીઝનને ધ્યાને રાખીને કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો છે. ગાંધીનગરના વડીલો કે જેઓ તેમને મળતા વિવિધ સરકારી લાભો અંગે અજાણ છે તો અંગે જાણકારી પોલીસ આપશે. તે ઉપરાંત તંદુરસ્ત રહેવા માટેની જાણકારી અને હળવા વ્યાયામ પણ પોલીસ સિનિયર સિટીઝનને બનાવશે. પેન્શનરે તથા સિનિયર સિટીઝનને હાલના તબક્કે પડતી મુશ્કેલીઓ તથા તેમના પ્રશ્નોને સાંભળીને પોલીસ નિરાકરણ લાવવાના પુરતા પ્રયત્નો કરશે. સવારે ૮ વાગ્યાથી સે. ૨૭ પોલીસ હેડકવાર્ટરખાતે આ કાર્યક્રમ શરૂ થશે તેમ ગાંધીનગર પોલીસ અધિક્ષક શરદ સિંગલે જણાવ્યું છે.

# હવે, માણસાના આનંદીમાના વડલેથી જલારામ બાપાનો અન્નપૂર્ણા પ્રસાદ અપાશે

## માત્ર રૂ. ૨૦માં સાત્વિક ભોજન-ટીફીનનો ગુરુવારથી પ્રારંભ : બુધવારે રાત્રે ગુજરાત ગૌરવ એવોર્ડ વિજેતા ભજનિક મુકેશ ભટ્ટના ભજનો ભાવિકોને ભકિતરસમાં તરબોળ કરશે

માણસા, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે આનંદી માના વડલે જલારામ બાપાના અન્નપૂર્ણા પ્રસાદનો પ્રારંભ કરવામાં આવનાર છે. તા. ૩૧મી જુલાઈના રોજ શ્રી ગુરુગીતાના પાઠ સાથે માત્ર રૂ. ૨૦માં આ પ્રસાદ વિતરણનું કાર્ય પ્રારંભ થશે. જેનું ઉદઘાટન શ્રી વિધ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી અને ભૂમિદાતા મહંત જગદીશગીરી બાપુના હસ્તે કરવામાં આવશે. આ ઉપરાંત તા. ૩૦મી જુલાઈએ ગુજરાતના પ્રસિદ્ધ ભજનિક મુકેશભાઈ ભટ્ટના ભજનોનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો છે.

માણસાના મકાખાડ રોડ પર આવેલ મલાવ તળાવ પાસે મા પાલઈ વિધ્નેશ્વરી ધામ અને આનંદીમાનો વડલો આવેલા છે. અહીં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જેમાં હવે વધુ એક સેવાનો ઉમેરો થવા જઈ રહ્યો છે. દંતાલી આશ્રમના પ્રણેતા સ્વામી સચ્ચિદાનંદ મહારાજ અને નારાયણદાસ દાદાની પ્રેરણાથી અત્રે 'જલારામ બાપાનો અન્નપૂર્ણાપ્રસાદ (ભોજન)'નો પ્રારંભ થઈ રહ્યો છે. આ સેવા અંતર્ગત માત્ર રૂ. ૨૦માં કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના સાત્વિક ભોજન અને ટીફીન સવારના ૧૦થી ૧૨.૩૦ વાગ્યા સુધી પીરસવામાં આવશે. આ સેવાનો પ્રારંભ કચ્છના મોમાઈમોરાના વિધ્નેશ્વરી ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી મહંત જગદીશગીરી બાપુના વરદ હસ્તે તા. ૩૧મી જુલાઈએ સવારે ૮.૩૦ વાગે કરવામાં આવશે. આ ઉદઘાટન પહેલા સવારે ૭ વાગ્યાથી અહીં શ્રી ગુરૂ ગીતાના પાઠ યોજવામાં આવશે. આ કાર્યક્રમમાં માણસાના ગુરૂમાઈ ધ્યાન કેન્દ્રના તેજસભાઈ દવે આર્શિવચન પાઠવશે.

આ કાર્યક્રમના એક દિવસ અગાઉ એટલે કે તા. ૩૦મી જુલાઈએ સાંજે માણસાના વાવ દરવાજા બહાર નાગર વણિકની વાડીમાં ગુજરાત ગૌરવ એવોર્ડ વિજેતા સુપ્રસિધ્ધ ભજનિક મુકેશભાઈ ભટ્ટના ભજનોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમ રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન વિધ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી દિનેશભાઈ વ્યાસ અને અસ્મિતાબેન વ્યાસ દ્વારા યોજવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં કચ્છ જિલ્લા ભાજપ પ્રમુખ અને રાપરના ધારાસભ્ય પંકજભાઈ મહેતાનો ઋણ સ્વીકાર કરાશે. આ કાર્યક્રમમાં દિનેશભાઈ વ્યાસના દોહિત્ર ચિ. ગર્ગનો પ્રથમ જન્મોત્સવ મનાવાશે તેમજ તેમના પરિવારના મોટાબહેન ચંદ્રિકાબેન દિપકકુમાર ત્રિવેદી જેઓ નાગરિક પુરવઠા વિભાગના નાયબ સેકસન અધિકારી પદેથી નિવૃત્ત થઈ રહ્યા છે તેમની સેવા નિવૃત્તિને પણ વધાવવામાં આવશે.

# કલોલના જામળા વિસ્તારની માતા બે સંતાનો સાથે બે સપ્તાહથી લાપતા

ગાંધીનગર, તા. ૨૫

કલોલ તાલુકાના જામળા ગામે વાગોસણા ગામે જવાનુ કહીને ક્યાંક નીકળી ગઈ હતી. બે સંતાનો સાથે લાપતા



રહેતા રાજેશકુમાર શંકરલાલ પટેલે પોલીસ સ્ટેશને જાણવા જોગ નોંધાવી છે કે તેમની ૩૬ વર્ષિય પત્નિ લત્તાબેન ૧૮ વર્ષની દિકરી અંજના અને ૧૪ વર્ષના દિકરા સૌરભને લઈને થઈ ગયેલી માતાની શોધખોળ બાદ પણ હજુ સુધી સગડ મળ્યા નથી. ૧૨ જુલાઈના રોજ બપોરના સુમારે તેઓ ઘરેથી નીકળ્યા હતા. આજે બે સપ્તાહ થઈ ગયા પરંતુ કોઈ જ ભાળ મળી નથી.

## આજે સે. ૨-સી માં શિવમહિમ્ન પાઠ યોજાશે

શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા શિવ રુદ્રાભિષેક તેમજ શિવ-મહિમ્ન પાઠ શનિવારે રાત્રે ૮.૩૦ કલાકે બિપિનભાઈ ત્રિવેદીના નિવાસ પ્લોટનં.૭૭૯/૧ સે-૨-સી ખાતે યોજાશે.

## સે-૩૦ ઝુલેશ્વર મહાદેવ મંદિરમાં દર સોમવારે ૧૦૮ દીવડાઓની આરતી

પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થઈ રહી છે ત્યારે સેકટર-૩૦માં આવેલ ઝુલેલાલ-સાઈબાબા મંદિર સ્થિત ઝુલેશ્વર મહાદેવ મંદિરમાં શ્રાવણ માસના દર સોમવારે ૧૦૮ દિવડાઓની આરતી સાંજે ૬.૩૦ વાગે કરવામાં આવશે.

# એક્રિડિટેડ પ્રેસ કલબ ગાંધીનગરના ઉપક્રમે વિધાનસભા ખાતે 'ફ્રી મેડીકલ ચેકઅપ' કેમ્પ

ગાંધીનગર, તા.૨૫

એક્રિડિટેડ પ્રેસ કલબ ગાંધીનગરના ઉપક્રમે આજે વિધાનસભા



પરિસરમાં 'ફ્રી મેડીકલ ચેકઅપ' કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. 'ફ્રી મેડીકલ ચેકઅપ' કેમ્પનો મંગલદીપ પ્રગટાવી આરોગ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે, આરોગ્ય રાજય મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં પ્રારંભ કરાવ્યો હતો.

પત્રકાર મિત્રોને નિરામય આરોગ્યની શુભેચ્છા પાઠવતાં મંત્રીશ્રીએ કહ્યું હતું કે રાજયના સર્વાંગી વિકાસમાં આરોગ્ય વિભાગનું યોગદાન અદકેરું રહ્યું છે. માતાના ગર્ભથી માંડીને બાળક જન્મે અને જીવે ત્યાં સુધી તેને કયાંય આરોગ્ય વિષયક મુશ્કેલી ન પડે તે માટે અનેક આરોગ્ય વિષયક યોજનાઓ અને જનજાગૃતિ અભિયાનો હાથ ધરાયા છે અને આરોગ્ય સેવાઓને ગુણવત્તા સભર બનાવવા જનભાગીદારીને પ્રાથમિકતા આપી છે.

ગુજરાતની આરોગ્ય ક્ષેત્રની ઉત્તમ નમૂનારૂપ કામગીરીની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ નોંધ લેવામાં આવી હોવાનું જણાવી પત્રકાર મિત્રોને સઘન આરોગ્ય વિષયક સેવાઓ પુરી પાડવા આરોગ્ય વિભાગ તત્પર છે.

પ્રારંભમાં આવકાર પ્રવચન કરતાં એક્રિડિટેડ પ્રેસ કલબના પ્રમુખશ્રી કિશોર અંજારીયાએ તંદુરસ્ત ગુજરાતના નિર્માણમાં પત્રકારોનો ફાળો સવિશેષ ગણાવી કેમ્પના આયોજનની વિગતો આપી હતી. જયારે તબીબી અધિકારી અને કેમ્પ આયોજનના નોડલ ઓફિસર શ્રી ડૉ. અનિલ ચૌહાણે આભારદર્શન કર્યું હતું. 'ફ્રી મેડકીલ ચેકઅપ' કેમ્પમાં આંખ, દાંત, નાક, કાન અને ગળા, ચામડી, હૃદયરોગ, સ્ત્રી રોગના નિષ્ણાંત તબીબ, જનરલ સર્જન, ફીઝીશીયન, ફીઝીયોથેરાપીસ્ટ અને આયુર્વેદ વિભાગના તબીબોએ સેવાઓ આપી હતી. લેબોરેટરી વિષયક સેવાઓ અને તેનું પરિક્ષણ વિના મૂલ્યે નિદાન-સારવાર-દવા વિતરણ કરવામાં આવ્યું હતું.

નાયબ મુખ્ય દંડકશ્રી આત્મારામ પરમાર, દંડકશ્રી આર.સી. પટેલ, માહિતી કમિશનરશ્રી ભાગ્યેશ જહા, સંયુકત મહિતી નિયામકશ્રી અરવિંદભાઈ પટેલ, એક્રિડિટેડ પ્રેસ કલબના મંત્રી શ્રી પાર્થ ઠકકર, કારોબારી ચેરમેનશ્રી ચંદ્રકાન્ત પટેલ, તબીબી અધિકારી ડૉ.કલ્પેશ પટેલ સહિત મોટી સંખ્યામાં પત્રકારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પનો લાભ ૩૦૦થી વધુ પત્રકાર મિત્રો અને ધારાસભ્યશ્રીઓ તથા વિધાનસભાના કર્મચારીગણે લીધો હતો.

# કલોલ અને માણસા તાલુકાના તબીબોનો વર્કશોપ યોજાયો

## પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એક્ટ હેઠળ યોજાયેલા વર્કશોપમાં તબીબો અને રેડિયોલોજીસ્ટોએ ભાગ લીધો

કલોલ, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં ધી પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એક્ટ અંતર્ગત વર્કશોપ યોજાયો હતો. તા. ૨૪મી જુલાઈએ યોજાયેલા આ વર્કશોપમાં કલોલના પ્રાંત ઓફિસર વી.જી. કાલરીયા તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. ડી.સી. જાગાણી અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહ્યા હતા. આ વર્કશોપમાં કલોલ તેમજ માણસા તાલુકાના કુલ ૪૨ ગાયનેક તબીબો તેમજ રેડીયોલોજીસ્ટોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ગરીબ રેખા હેઠળ જીવતા કુટુંબમાં દીકરીનો જન્મ થાય તો પ્રત્યેક કુટુંબને રૂપિયા ૧૦૦૦ આપવામાં આવશે તેવી માહિતી અપાઈ હતી.

આ વર્કશોપમાં ગાંધીનગરથી પી.સી. એન્ડ પી.એન્ડ.ડી.ટી. સેલના સિનિયર મેડીકલ ઓફિસર ડો. પી.એલ. દવે દ્વારા તમામ તબીબોને કાયદાકીય જોગવાઈઓ અને આ એકટની તમામ કલમો બાબતે ઝીણવટભરી સમજણ આપવામાં આવી હતી. આ ઉપરાંત ભારત સરકાર દ્વારા સોનોગ્રાફી માટે બહાર પાડવામાં આવેલ ફોર્મ-એફ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કલોલ તાલુકા આરોગ્ય અધિકારી ડો. એસ.પી. પ્રજાપતિ, માણસા તાલુકા આરોગ્ય અધિકારી ડો. દક્ષાબેન પટેલ, તથા ગાંધીનગર તાલુકાના આરોગ્ય અધિકારી ડો. હરેશ ત્રિવેદી દ્વારા તાલુકામાં સ્ત્રી જાતિ દર અંગે અને સ્ત્રી ભ્રુણ હત્યા બાબતે અને આ કાર્યક્રમ લોક જાગૃતિ અર્થે કરવા ચર્ચા કરાઈ હતી.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૯
સૂર્યાસ્ત : ૭.૨૨

## તાપમાન

મહત્તમ : ૨૮.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૧૦૦ ટકા ● સાંજે ૮૫ ટકા
વરસાદ : ૨૩ મી.મી.

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
કીક : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
કીક : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
કીક : ૧૦.૦૦
હંપટી શર્મા કી દુલ્હનીયા : ૩.૩૦

સ્ક્રીન-૪ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૪.૦૦
હેટ સ્ટોરી-૨ : ૧૦.૦૦, ૧.૦૦, ૧૦.૦૦
અલ્લુડુ સીનુ (તેલુગુ) : ૭.૦૦

: સ્ક્રીન-૫ :
કીક :૧૦.૦૦
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૨.૪૫
હેટ સ્ટોરી-૨ : ૭.૦૦

: સ્ક્રીન-૬ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૪.૦૦
હેટ સ્ટોરી-૨ : ૭.૦૦
કીક :૧૦.૦૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
કીક : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
કીક : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૩ :
હેટ સ્ટોરી - ૨ :૯.૩૦
કીક : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ધાર્મિક કાર્યક્રમ

- અષાઢ વદ અમાસ , તા. ૨૬-૭-૨૦૧૪, શનિવારના રોજ હરિયાળી ઘટાના હિંડોળા, શ્રીજી શ્રીગોવર્ધનનાથજીની હવેલી, સેક્ટર-૨૧, ગાંધીનગર.

## આપની આજ

**મેષ** : સંગીતનાં ક્ષેત્રમાં રુચિ વધારઓ થશે. વેપાર - ધંધોમાં વધારો થઈ શકશે. વિશેષ કાર્યો માટે કરવામાં આવેલી દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થશે.

**વૃષભ** : ગ્રાહકોથી મધુર સંબંધ બંધાશે. સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની અનેક અટવાયેલા કાર્ય પણ સમય પર પૂર્ણ થઈ શકશે. કોઈની બાબતમાં અન આવશ્યક હસ્તક્ષેપ ન કરવો.

**મિથુન** : સત્સંગમાં ભાગ લેવાનું થશે. પૂર્વમાં કરેલા કાર્યોનું પરિણામ પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની શકયતાઓ છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

**કર્ક** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થશે. કૌટુંબિક સુખ અને આર્થિક અનુકૂળતાથી મન પ્રસન્ન રહેશે. ખર્ચમાં વધારો થવાની સંભાવના છે.

**સિંહ** : ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. નોકરી-વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**તુલા** : આર્થિક રોકાણ વિચારીને કરવું. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

**ધન** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**મકર** : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**કુંભ** : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ થવાની સંભાવના છે.

**મીન** : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં ઉન્નતિ થશે. કોઈ અગત્યના કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર નારાયણજી નાથાજી (ઉ.વ.૫૧) ઠે. ઠાકોર વાસ, ફતેપુરા, તા. માણસા. જી. ગાંધીનગર
- સ્વ. ગજીબેન માનાજી પરમાર (ઉ.વ.૮૬) મુ. ધોળાકુવા, તા.જી. ગાંધીનગર
- સ્વ. જાનકી કમલાકર મહાત્રે (ઉ.વ.૮૬) ૧૩૮/૬, જ-૨ ટાઈપ, સેક્ટર-૨૮, ગાંધીનગર
- સ્વ. ચંચળબેન મણીબેન પટેલ (ઉ.વ. ૭૦) મુ. વાસણા ચૌધરી, તા.દહેગામ, જી. ગાંધીનગર
- સ્વ. બારોટ જયચંદભાઈ મગનભાઈ (ઉ.વ.૭૫) મુ.પો. બોરીજ, સરકીટ હાઉસની બાજુમાં, તા.જી. ગાંધીનગર.